# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-06-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## એક પેડ મા કે નામ: કચ્છમાં 2.95 કરોડ રોપાનું વાવેતર

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક પેડ માં કે નામ વૃક્ષારોપણ અભિયાનની દેશવ્યાપી શરૂઆત વિશ્વ પર્યાવરણ દિવસ 5 જૂન, 2024થી કરાવી હતી જેને આવતીકાલે એક વર્ષ પૂર્ણ થાય છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં 140 કરોડ રોપાનું વાવેતરનું લક્ષ્યાંક નિર્ણારિત કરવામાં આવ્યું હતું. 17 કરોડ 48 લાખ રોપાના વાવેતર સાથે આ લક્ષ્યાંક પાર કરવામાં ગુજરાત દેશમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે 2 કરોડ 95 લાખ રોપાના વાવેતર સાથે કચ્છ જિલ્લો રાજ્યમાં મોખરે રહ્યું છે.**

---------------------------------------------------------------------------------------------

## ટપાલ વિભાગ દ્વારા ઇ કેવાયસી

**ટપાલ વિભાગ કોઇ પણ ચાર્જ વિના ઘરે રાશનકાર્ડધારકોને ઇ-કેવાયસીની સુવિધા પૂરી પાડી રહ્યું છે. અત્યાર સુધીમાં ડાક વિભાગ દ્વારા બે લાખથી વધુ રાશનકાર્ડધારકોને ઘરે બેઠા ઇ-કેવાયસી પૂર્ણ કરાયા છે. આ યોજનાના લાભ ખાસ કરીને એનએફએસએ રાશનકાર્ડધારકોને મળશે. આ સેવા રાજ્યની 8,800થી વધુ પોસ્ટ ઓફિસ દ્વારા પૂરી પડાઇ રહી છે. ડાક વિભાગ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો દ્વારા ઘરે બેઠા આધારમાં મોબાઇલ નંબર અપડેટ કરવાની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે. નોંધનીય છે કે ભારતીય ડાક વિભાગ અને ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ વચ્ચેના એક કરાર હેઠળ ટપાલ વિભાગ કોઇ પણ ચાર્જ વિના જરૂરિયાતમંદોને ઘરે રાશનકાર્ડધારકોને ઇ-કેવાયસીની સુવિધા પૂરી પાડી રહ્યું છે.**

---------------------------------------------------------------------------------------------

## નમો ભારત રેલ: આંબલી રોડ અને સાણંદ ખાતે સ્ટોપેજ

ભુજ અમદાવાદ વચ્ચે દોડતી નમો ભારત રેપિડ રેલને વધારાના બે સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યાં છે. રેલવે બોર્ડ દ્વારા આ અંગેનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. નમો ભારત રેપિડ રેલને આંબલી રોડ અને સાણંદ ખાતે સ્ટોપેજ આપવા મંજૂરી આપવામાં આવી છે. જેમ બને તેમ વહેલી તકે તારીખ આપવા પરિપત્રમાં જણાવાયું છે. જેથી કચ્છની આ સ્ટોપેજ અંગેની લાંબા સમયની માંગ સંતોષાઈ છે. અત્રે ઉલ્લેનીય છે કે, આ ટ્રેન શરૂ થઈ ત્યારે જ વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆત કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## બસમાં આગ

ભુજના શેખપીર ત્રણ રસ્તા નજીક આજે અચાનક એસટી બસમાં આગ લાગી હતી. ધ્રોબાથી કંડલા રૂટની લોકલ એસટી બસની ચાલક કેબિનમાં વાયરિંગમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. બસ ચાલકની સૂઝબૂઝથી તમામ મુસાફરોને તાત્કાલિક બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેના કારણે કોઈ જાનહાની થઈ નથી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો

---------------------------------------------------------------------------------------------

## બકરી ઇદ નિમિત્તે પોલીસ દ્વારા બેઠક

બકરી ઇદના તહેવારને લઇને રાપર અને આડેસર પોલીસ મથકે એક બેઠક યોજાઇ હતી. રાપર પોલીસ મથકે PI જે.બી.બુબડીયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા. બેઠકમાં કોમી એકતા જાળવી રાખવા અને તહેવારોને ભાઈચારાની ભાવના સાથે ઉજવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તો આડેસર પોલીસ મથકે પીઆઇ જેઅ.મે. વાળાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં આડેસર, ટગા અને વિજાપુર ગામના મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## અદાણી ફાઉન્ડેશન દ્વારા વૃક્ષ વાવેતર

હરિત પર્યાવરણની એક પહેલ પ્રોજેક્ટ અંતર્ગત અદાણી ફાઉન્ડેશન દ્વારા કચ્છના વિવિધ વિસ્તારોમાં 35 એકર જમીનમાં 89000 થી વધુ વૃક્ષોનું વનીકરણ કરવામાં આવ્યું છે.અદાણી જૂથના ચેરમેન ગૌતમભાઈ અદાણીના સંકલ્પ મુજબ 2030 સુધીમાં 100 મિલિયન વૃક્ષોનું વાવેતર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે દેશલપર કંઠી ખાતે લગભગ 40 એકર જમીનમાં 45000 રોપાઓનું વાવેતર કરવાની શરૂઆત કરવામાં આવી છે. આજે 10 એકરમાં 3000 વૃક્ષોના વાવેતર દ્વારા દેશલપર કંઠી ગામમાં બીજુ અદાણીવન તૈયાર થઈ રહ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## એનસીસી કેમ્પ

36 ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા દસ દિવસીય એનસીસી કેમ્પ યોજાયો હતો. જેમાં કચ્છ અને જામનગરના 505 કેડેટ્સે ભાગ લીધો હતો. ભુજ નજીક નારણપર ખાતે યોજાયેલા આ કેમ્પમાં યુવા કેડેટ્સને ડ્રીલ, ફાયરિંગ, મેપ રીડિંગ, કોમ્યુનિકેશન, ઈમરજન્સી ફર્સ્ટ એઈડ વિગેરેની તાલીમ અપાઈ હતી. આ કેમ્પ અંતર્ગત 31 મેના લશ્કરી તાલીમ ઉપરાંત જિલ્લા અધિકારીઓ અને તબીબી કર્મચારીઓની મદદથી નાગરિક સંરક્ષણ કવાયત યોજાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## નવી પોલીસ ચોકીનું નિર્માણ

આદિપુર બસ સ્ટેન્ડ ખાતે આજે નવી ટ્રાફિક પોલીસ ચોકીનું પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. પૂર્વ કચ્છ પોલીસ વડાએ સીસીટીવી કેમેરા સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. આ ચોકી વધતી જતી દૈનિક ગતિવિધિઓ અને વાહનોની અવરજવરને ધ્યાનમાં રાખીને સ્થાપવામાં આવી છે. લોક ભાગીદારીથી નિર્માણ પામેલી આ ચોકીમાં પોલીસ અને ટીઆરબીના જવાનો ફરજ બજાવશે. તેઓ ટ્રાફિક નિયંત્રણ અને વ્યવસ્થા જાળવવાનું કામ કરશે. તથા સ્થાનિક લોકોની રજૂઆતો પણ સ્વીકારશે.

---------------------------------------------------------------------------------------------